જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૫/૨૦૨૦ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૮૩૮/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૧/૦૫/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં. | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૧૭૧ | ૧૪ | ૮૧૮૫ | ૧૪૧૪૫ | ૧૮ | ૧૪૧૬૩ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૦૬૭ | ૩૯ | ૪૧૦૬ | ૫૫૬૭ | ૪૩ | ૫૬૧૦ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૨૩ | ૦ | ૨૩ | ૧૫૪ | ૩૬ | ૧૯૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૫૨૬૮ | ૨૦૬ | ૫૪૭૪ | ૫૮૮૩ | ૨૧૮ | ૬૧૦૧ |
| કુલ | | ૧૭૫૨૯ | ૨૫૯ | ૧૭૭૮૮ | ૨૫૭૪૯ | ૩૧૫ | ૨૬૦૬૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૫૮ | ૧,૪૬,૭૦૦/- |

# જાહેરનામાનો ભંગ કરતા આરોપીઓની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :-

## લોકડાઉન દિન-૫૮ દરમ્યાન COVID-19 વાયરસ અનુસંધાને મહે.પોલીસ કમિશ્નર શ્રીની કચેરીના જાહેરનામાનો ભંગ કરતા ૧-મહીલા ૧૬-ઇસમોની અટકાયત કરી કુલ્લે-૧૭ કેસ કરતી કૃષ્ણનગર પોલીસ

મહે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.કે.રાઠોડ સાહેબ નાઓની સુચના આધારે હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા વૈશ્વીક મહામારી જાહેર કરેલ હોય અને ભારતમાં પણ COVID-19 ના કેશો નોધાયેલ હોય તેમજ હાલમાં અમદાવાદ ખાતે પણ શંકાસ્પદ કેશો પ્રકાશમાં આવેલ હોય અને અમદાવાદ શહેર વિસ્તાર વસ્તીની દષ્ટ્રીએ ગીચ અને ભીડભાડ વાળો હોય નોવેલ કોરોના વાયરસ જડપથી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલા રૂપે લોકોની વધુ અવરજવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ તેમજ કોઇપણ જગ્યાએ વ્યાજબી કારણ વગર સાંજના સાત વાગે થી સવારના સાત વાગ્યા સુધી સખ્ત કર્ફ્યુમાં ફરતો ન જણાઇ તેમજ મોટર સાઇકલ ઉપર એક થી વધુ ઇસમો સવાર ના થાય તે સારૂ મોબાઇલ ગાડીઓ દ્વારા વારંવાર લાઉડ સ્પીકર દ્વારા સુચનાઓ આપેલ હોવા છતા આજરોજ તા.૨૧/૦૫/૨૦૨૦ ના રોજ લોકડાઉન ના દિન-૫૮ ને લઇને સવારના ક.૦૭/૦૦ થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ-અલગ જગ્યાઓએ રોડ ઉપર જાહેરમાં સખ્ત કર્ફ્યુમાં તથા મો.સા. ઉપર ૧-મહીલા ૧૬-ઇસમો મળી આવેલ અને તેઓ તમામે મહે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર ની કચેરીના જાહેરનામાં ક્રમાંક/વિ.શા/એ-સેકશન/પરમીટ/૨૨/૨૦૨૦ તા.૧૯/૦૫/૨૦૨૦ નો ભંગ કરતા અલગ-અલગ કુલ્લે ૧૭-ઇસમો ની અટક કરી તેઓના વિરૂધ્ધમાં ધી.ઇ.પી.કો.કલમ-૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ ની કલમ ૦૩ તથા ડિઝાસ્ટર મેનેજમેન એકટ ૨૦૦૫ ની કલમ ૫૧(બી) મુજબ કુલ્લે-૧૭ કેસો કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે તા.૨૧/૦૫/૨૦૨૦

## આરોપીઓના નામ:-

મનોજ જગદીશસિંગ રાજપુત ઉ.વ.૪૨ રહે.૪૦૩૫/૬૨૮ ગુજરાત હાઉસિંગ બોર્ડ બાપુનગર અમદાવાદ શહેર + ૧૬ = ૧૭

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પોલીસ સબ ઇન્સ્પેક્ટર શ્રી જે.બી.ચૌહાણ તથા સાથેના સ્ટાફના માણસો અ.હે.કો. કલ્પેશભાઇ રણછોડભાઇ બ.નં. ૫૦૭૧ તથા લોકરક્ષક કાનુભા જગદીશસિંહ બ.નં.૭૦૯૮ તથા લોકરક્ષક સતીષભાઇ જેન્તીભાઇ બ.નં. ૫૩૧ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦ તથા મોબાઇલ, થ્રી ગાડી, પી.સી.આર-૪૭,૮૦

**આરોપીઓનો ફોટો**



## શાહીબાગ પોલીસ સ્ટેશન :-

## નોવેલ કોરોના COVID-2019 વાયરસ અનુસંધાને મે.પોલીસ કમીશ્નરશ્રીની કચેરીના જાહેરનામાંનો ભંગ કરતા ૧૨ ઇસમોની અટકાયત કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનીયર પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-2019 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇજેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય તેમજ ભારતમાં પણ COVID-2019 ના કેસો નોધાયેલ હોય તેમજ હાલમાં અમદાવાદ ખાતે પણ શંકાસ્પદ કેસો પ્રકાશમાં આવેલ હોય તેમજ અમદાવાદ શહેર વિસ્તાર તેમજ વસ્તીની દ્રષ્ટીએ ગીચ અને ભીડભાડવાળો હોઇ નોવેલ કોરોના વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલા રૂપે લોકોની વધુ અવર-જવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ તેમજ લોકો વાહનો ઉપર તેમજ વ્યાજબી કારણ વગર રોડ-રસ્તાઓ ઉપર ફરે નહી તે સારૂ પેટ્રોલીંગ દરમ્યાન મોબાઇલ ગાડીઓ દ્વારા જાહેર જનતાને કોરોના વાયરસ બાબતે વારંવાર લાઉડ સ્પીકર દ્વારા સુચનાઓ આપેલ હોવા છતા મે.પોલીસ કમીશ્નરશ્રીની કચેરીના જાહેરનામા ક્રમાંક:વિ.શા/જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૨૨/૨૦૨૦ તા.૨૦/૦૫/૨૦૨૦ નો ભંગ કરનાર ૧૨ ઇસમોને આજરોજ તા.૨૧/૦૫/૨૦૨૦ પકડી અટક કરી તેમના વિરુધ્ધમાં ધી ઇપીકો કલમ-૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ ની કલમ-3 તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ ૨૦૦૫ ની કલમ-૫૧ (બી) મુજબ જાહેરનામા ભંગના કુલ-૧૦ કેસો કરવામાં આવેલ છે.

## આરોપીઓના નામ ;-

(૧) કિશોર ધનાજી રાજપુત ઉ.વ.૪૦ રહે.ઘનશ્યામસિંહનું ડહેલું નવા અસારવા,શાહીબાગ અમદાવાદ શહેર + ૧૧ = ૧૨

## કામગીરી કરનાર અધિ./કર્મચારી;-

પો.સબ.ઇન્સ.આર.પી.ડાભી તથા અ.મ.સ.ઇ.વસંતલાલ મગનલાલ બ.નં.૫૫૧૩ તથા અ.હે.કો. પ્રદિપસિંહ શીવસિંહ બ.ન.૯૬૬૭ તથા અ.હે.કો. રોહીતસિંહ રણજીતસિંહ બ.ન.૫૬૮૨ તથા અ.પો.કો. રાજેશ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો. ભુપેન્દ્ર કરશનભાઇ બ.નં-૪૬૧૮ તથા અ.પો.કો.સુરેન્દ્રસિંહ દોલતસિંહ બ.નં.૮૮૦૫ તથા અ.પો.કો.કીરપાલસિંહ અનવરસિંહ બ.નં.૮૮૨૧



## નરોડા પોલીસ સ્ટેશન :-

## COVID-2019 વાયરસ અનુસંધાને મે.પોલીસકમીશ્નરશ્રી અમદાવાદ શહેરના જાહેરનામાનો ભંગ કરતા અલગ અલગ ૧૪ ગુનામાં કુલ ૨૦ ઇસમોની અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી જી-ડિવીઝન અમદાવાદ શહેર તથા સિનિ.પોલીસ ઈન્સપેકટર જે.જી.પટેલ સા.ની સુચના આધારે હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-2019 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇજેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય તેમજ ભારતમાં પણ COVID-2019 ના કેસો નોધાયેલ હોય તેમજ હાલમાં અમદાવાદ ખાતે પણ શંકાસ્પદ કેસો પ્રકાશમાં આવેલ હોય તેમજ અમદાવાદ શહેર વિસ્તાર તેમજ વસ્તીની દ્રષ્ટીએ ગીચ અને ભીડભાડવાળો હોઇ નોવેલ કોરોના વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલા રૂપે લોકોની વધુ અવર-જવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ તેમજ કોઇપણ જગ્યાએ ચાર કરતા વધુ માણસો ભેગા ન થાય તે સારૂ ગુજરાત સરકારના ગ્રુહ વિભાગના તા-૦૮/૧૧/૧૯૮૨ નોટીફીકેશન નં-જીજી/૪૨૨/સીઆર્સી/૧૦૮૨/એમ તથા ગ્રુહ વિભાગ તા-૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં-જીજી/૬૬અ/૧૦૮૮/૬૭૫૦/મ અંવચે જાહેરનામાક્રમાંક:વીશા/જાહેરનામુ/એ-સેક્શન/પરમીટ-૨૦/૨૦૨૦ તા-03/૦૫/૨૦૨૦ થી જાહેર નામાનો ભંગ કરનાર ઇસમો મળી આવતા તેમના વિરૂધ્ધમા આજરોજ તારીખ-૦૬/૦૫/૨૦૨૦ ના રોજ ધી ઇ.પી.કો કલમ-૧૮૮ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ તથા એપેડમિક ડેસીજ એક્ટ કલમ-૩ તથા ડિઝાસ્ટર મેનેજમેંટ એક્ટ (૨૦૦૫) ની કલમ ૫૧(બી) મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.તા.૨૧/૦૫/૨૦૨૦

### નરોડા પો.સ્ટે ગુ.ર.નં –

(૧) પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૫૨૦૧૦૦૮/૨૦૨૦
(૨) પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૫૨૦૧૦૦૯/૨૦૨
(૩) પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૫૨૦૧૦૧૦/૨૦૨૦
(૪) પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૫૨૦૧૦૧૧/૨૦૨૦
(૫) પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૫૨૦૧૦૧૨/૨૦૨૦
(૬) પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૫૨૦૧૦૧૩/૨૦૨૦
(૭) પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૫૨૦૧૦૧૪/૨૦૨૦
(૮) પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૫૨૦૧૦૧૫/૨૦૨૦
(૯) પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૫૨૦૧૦૧૬/૨૦૨૦

(૧૦) પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૫૨૦૧૦૧૭/૨૦૨૦
(૧૧) પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૫૨૦૧૦૧૮/૨૦૨૦
(૧૨) પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૫૨૦૧૦૧૯/૨૦૨૦
(૧૩) પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૫૨૦૧૦૨૦/૨૦૨૦
(૧૪) પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૫૨૦૧૦૨૧/૨૦૨૦

ઉપરોક્ત ગુનાઓમાં મોટર સાયકલ ઉપર બે સવારી નીકળી મ.પો. કમિશ્રી.ના જાહેરનામા નો ભંગ કરતા ઈસમો સામે કુલ - ૪ કેસ નોંધી કુલ - ૮ ઈસમોને અટક કરવામાં આવેલ છે.

## આરોપી નામ સરનામા :-

(૧) ધ્રુવ સ/ઓ નવીનચંદ જાતે-જાની ઉ.વ.૨૬ ધંધો-બેકાર રહે-બી/૩૯ વૈકુંઠ વિહાર સોસા.ગેલેક્ષીની સામે સરદારનગર અમદાવાદ શહેર + ૧૯ = ૨૦

## કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી –

પો.સ.ઇ. ડી.કે.મોરી તથા પો.સ.ઇ.એસ.એમ.ઠાકોર તથા પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા પો.સ.ઇ. કે.બી.રાઠોડ તથા પો.સ.ઇ. જે.જી.કામળીયા તથા પો.કો.પંકેશભાઇ ઘનાભાઇ બ.નં.૪૦૫૬ તથા પો.કો.વિષ્ણુભાઇ હિરાભાઇ બ.નં.૧૩૧૮૩ તથા પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કો.પ્રદિપઅકુમાર રામાભાઇ બ.નં-૧૦૩૬૧ એલ.આર. મયુરધ્વજસિંહ અનીરુધ્ધસિંહ બ.નં.૧૪૬૭ એલ.આર. વિક્રમસિંહ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨.

# પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## નારોલ પોલીસ સ્ટેશન :-

## દેશીદારૂ ૫૪૦ લીટરના જથ્થા સાથે એક આરોપીબેનને પકડી દેશીદારૂનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલિસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોનક સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે"ડીવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓના સીધા સુપરવિઝન હેઠળ હાલમાં નોવેલ કોરોના વાયરસ કોવીડ-૧૯ અનુસંધાને સમગ્ર દેશમા લોકડાઉન ચાલતુ હોવાથી તકેદારી બંદોબસ્ત તથા પ્રોહી જુગારની પ્રવૃતિ સદંતર બંધ કરાવવા અસરકારક કામગીરી કરવા સુચના મળતા આજરોજ નારોલ સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈ.જે.એસ.ચૌધરી તથા અ.હે.કો.હિંમતલાલ મથુરામભાઈ બ.નં.૪૧૧૪ તથા અ.પો.કો ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.ન.૫૯૧૮ તથા અ.પો.કો.વિજયસિંહ લાખુભા બ.નં.૬૧૭૯ તથા અ.પો.કો.હરદિપસિંહ વિજયસિંહ બ.ન.૧૧૮૭ તથા અ.પો.કો.રોહિતસિંહ રામસંગજી બ.નં.૧૨૫૨૬ તથા પો.કો.અસ્લમબેગ નશરૂબેગ બ.નં.૫૪૨૩ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન ફરતા ફરતા કલાક કલાક ૧૫/૧૫ વાગે નારોલ સર્કલ પાસે આવતા સાથેના પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ નાઓને તેઓના ખાનગી બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે " વિન્સમ હોટલના ખાંચામાં સુદામા એસ્ટેટ દેવસત્ય વે બ્રીજની બાજુમાં રહેતી પ્રોહી.બુટલેગર તખુબેન બળવંતસિંહ સોલંકી નાની પોતાના રહેણાંક ઘર પાછળ બાથરુમની અંદર કેટલોક દેશીદારૂનો જથ્થો વેચાણ કરવા સારુ લાવી મુકી રાખેલ છે. અને હાલમાં વેચાણ કરવાની પ્રવૃત્તિ ચાલુ છે " જે બાતમી હકીકત આધારે સદરી જગ્યાએ બે પંચો રૂબરૂ રેઈડ કરતાં આરોપીબેન તખુબેન વા/ઓફ બળવંતસિંહ સોલંકી ઉ.વ.૫૬ રહે.સુદામા એસ્ટેટ દેવ સત્ય વે-બ્રીજ કાંટાની બાજુમાં વિલસમ હોટલની ગલીમાં નારોલ અમદાવાદ શહેરનાની મળી આવેલ તેમજ તેના મકાનની પાછળના ભાગે આવેલ બાથરુમમાંથી પોલીથીનની દેશીદારુ ભરેલ થેલીઓ નંગ-૧૮૦ સાથે કુલ્લે દેશીદારુ ૫૪૦ લીટરની કિ.રૂ.૧૦,૮૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૧ કિ.રૂ.૬૦૦૦/- તથા રોકડા નાણા રૂ.૩૪૦/- મળી કુલ્લે કિ.રૂ.૧૭૧૪૦/- ની મત્તાનો મુદ્દામાલ કબ્જે કરી ઉપરોકત આરોપીબેન તથા દેશીદારુનો જથ્થો લાવી આપનાર સાજીદ સૈયદ રહે.અમદાવાદ તથા દેશીદારુ વેચાણથી આપનાર જીતુ તળપદા ગામ.સલુણ તા.નડીયાદ જી.ખેડા વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી નારોલ પો.સ્ટે.પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૦૦૪૦૯/૨૦૨૦ ધી પ્રોહી એકટ કલમ ૬૬(બી), ૬૫(ઈ), ૮૧ મુજબનો ગુનો રજીસ્ટર કરી દેશીદારુનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૩૯/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬ કેસ કરી, ૬ વ્યક્તિઓને ઝડપી, ૫૬૨ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪,૦૫,૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૪૦/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૮૪૧/૨૦૨૦

**ઘાટલોડીયાઃ** વિરલ સ/ઓ હર્ષદભાઈ શંખેસરા (ઉ.વ.૩૩) (રહે. સર્વોદયનગર વિભાગ-૧ અંબીકાધામ મંદીર સામે સોલા રોડ ઘાટલોડીયા) એ તા.૨૧/૦૫/૨૦૨૦ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૪/૨૦૨૦ સાજના ૬/૦૦ થી ૬/૩૦ વાગ્યા દરમ્યાન મોબાઈલ નંબર ૭૮૬૬૦૪૯૧૨૮ ના ધારકે વિરલ શંખેસરાના મોબાઈલ ફોન પર ફોન કરી P.Y.T.M માંથી વાત કરૂ છુ તેમ જણાવી વિરલ શંખેસરાનુ P.Y.T.M એકાઉન્ટનુ કે.વાય.સી કરો નહીતર તમારૂ P.Y.T.M એકાઉન્ટ બંધ થઇ જશે તેવુ કહી વિશ્વાસમાં લઇ ફોન ચાલુ હતો દરમ્યાનમાં જ વિરલ શંખેસરાના પે.ટી.એમ.એકાઉન્ટમાંથી અલગ-અલગ ૯ ટ્રાન્જેક્શન કરી કુલ રૂપિયા ૧,૩૫,૦૯૯/- ટ્રાન્જેક્શન કરી લઈ વિશ્વાસઘાત અને છેંતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ.કે.સોલંકી ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૮૪૨/૨૦૨૦

**માધવપુરાઃ** નીરજ અનીલભાઇ પટેલ (રહે. સુકુન બંગલોઝ હેબતપુર રોડ થલતેજ) એ તા.૨૧/૦૫/૨૦૨૦ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૩/૨૦૨૦ કલાક ૧૧/૦૦ થી તા.૨૦/૦૫/૨૦૨૦ કલાક ૧૨/૦૦ વગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પ્રેમદરવાજા બહાર તેલીયામીલ કમ્પાઉન્ડમા આવેલ ગોડાઉનના પાછળના ભાગે હવાની અવરજવર માટે બનાવેલ લાકડાની જાળી તોડી અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી (૧) શેર બીડી કિમત રૂપિયા ૨,૨૨,૩૫૬/- તથા (૨) પતાકા બીડી કિમત રૂપિયા ૬,૪૯,૫૭૧/- મળી કુલ કિમત રૂપિયા ૮,૭૧,૯૨૭/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એન.દેસાઇ ચલાવે છે.

**ગોમતીપુરઃ** જશીબહેન વા/ઓ કાંતીલાલ શાહ (રહે. ત્રીજો માળ સત્યમ ફલેટ વિક્રમ મીલની સામે ગોમતીપુર) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૫/૨૦૨૦ રાતના ૧૧/૦૦ થી તા.૨૧/૦૫/૨૦૨૦ સવારના ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના પાછળનો દરવાજો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની વિંટી નંગ-૬ કિમત રૂપિયા ૬૭,૫૦૦/-, સોનાના પેડલ કિમત રૂપિયા ૨૨,૫૦૦/-, ચાંદીનો કંદોરો કિમત રૂપિયા ૧૫૦૦/- , ચાંદીના છડા એક જોડી કિમત રૂપિયા ૧૦૦૦/-, ચાંદીના સિક્કા નંગ-ત્રણ કિમત રૂપિયા ૧૦૦૦/-, ચાંદીના વેઢ બે જોડી કિમત રૂપિયા ૫૦૦/- અને રોકડ રૂપિયા ૨૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આઇ.રઇસ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૪૩/૨૦૨૦**

**રિવરફ્રંટ વેસ્ટઃ** કમલેશભાઇ બાબુભાઇ સોલંકી (ઉ.વ.૩૭) (રહે. વણકરવાસ હનુમાન મંદીર સામે ખોડીયારનગર, હનુમાન મંદીર સામે બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૫/૨૦૨૦ બપોરના ૪/૦૦ વાગ્યા પહેલા ખોડીયારનગરબ્રીજની નીચે રિવર ફ્રન્ટ વોકવે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જગદીશચન્દ્ર આત્મારામ ચલાવે છે.

**સાબરમતીઃ** અભીષેક કમલકિશોર શર્મા (ઉ.વ.૨૩) (રહે.ન્યુ રેલ્વે કોલોની સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૫/૨૦૨૦ કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી બળવંતભાઈ પોપટભાઈ ચલાવે છે.

**ગોમતીપુરઃ** કનુભાઇ વિષ્ણુભાઇ (ઉ.વ.૩૫) (રહે.મોહનલાલની નવી ચાલી ગોમતીપુર) એ આર્થિક પરીસ્થિતી સારી ના હોઈ માનસિક તણાવમા આવી તા.૨૦/૦૫/૨૦૨૦ સાજના ૫/૩૦ વાગ્યાના સુમારે ગોમતીપુર મોહનલાલની નવી ચાલી આઇસ ફેકટરી પાસે એસીડ પી લેતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૧/૦૫/૨૦૨૦ બપોરના ૩/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.ડામોર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.